# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

---

જા.નં.ન.કૃ.યુ./રજી/એડીએમ.૧ અને ૨/ ૧૬૯૧૨-૩૦ /૧૫ તા. ૨૦.૧૦.૨૦૧૫

## —: પરિપત્ર :—

વંચાણમાં : અત્રેની કચેરીના તા.૪/૪/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : નકૃયુ/રજી./એડીએમ૧.૧/૪૧૨૬–૭૫/૨૦૧૫

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ / સબ યુનિટના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં ફરજ બજાવતા શૈક્ષણિક / બિન શૈક્ષણિક / તાંત્રિક / બિન તાંત્રિક કર્મચારીઓની વયનિવૃત્તિ / અવસાન / સ્વૈચ્છીક નિવૃત્તિ / રાજીનામા અંગેની દરખાસ્તો અત્રેની કચેરીને મોકલવામાં આવે છે જેમાં અધિકારી / કર્મચારીએ આપવાની થતી બાંહેધરી દરેક કચેરી તરફથી અલગ–અલગ નમૂનામાં મોકલવામાં આવે છે જેના કારણે એકસૂત્રતા જળવાતી નથી આથી હવે પછી જયારે ઉપરોકત દરખાસ્તો આ કચેરીને મોકલવામાં આવે ત્યારે અધિકારી / કર્મચારીએ આપવાની બાંહેધરી આ સાથે સામેલ નમૂનામાં આપવાની રહેશે.

વધુમાં તા.૩૧/૧૦/૨૦૧૫ના રોજ નિવૃત્ત થનાર અધિકારી / કર્મચારીઓની નિવૃત્તિ અંગેની દરખાસ્તો સંબંધિત કચેરીઓ તરફથી અત્રેની કચેરીને મોકલવામાં આવેલ હોય તો તે દરખાસ્તમાં પણ અધિકારી કર્મચારીની પણ બાંહેધરીમાં સામેલ નમૂના મુજબનો સુધારો કરવાનો રહેતો હોય જે–તે અધિકારી / કર્મચારી પાસેથી ઉકત નમૂનામાં બાંહેધરી મેળવી અત્રેની કચેરીને અધિકારી / કર્મચારીની નિવૃત્તિની તારીખ પહેલાં આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

**આ પરિપત્રનો અમલ અવશ્ય કરવાનો રહેશે.**

**ઈ/ચા. કુલસચિવ**

સામેલ : બાંહેધરી પત્રક

નકલ સવિનય રવાના જાણ તથા અમલ સારૂ.

- અત્રેની યુનિવર્સિટીના તમામ ડીન/આચાર્યશ્રીઓ તરફ...
- યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ...
- અત્રેની કચેરીની તમામ શાખાઓ તરફ.....

-: બાંહધેરી પત્રક :-

આથી હું ........................................બાંહેધરી ખત આપુ છું કે, હું તા...................ના રોજ નિવૃત્ત થાઉ છું. તે પછીથી મારી પાસેથી કોઈપણ નવસારી કૃષિ યુનિવર્સિટીનું લેણુ જેવું કે, પગાર, રજા પગાર, ભથ્થા, લીધેલ પેશગીઓ, લોન, ઘરભાડા અંગે થયેલ અધિક ચૂકવણાઓ સામે બાકી રહેતી રકમ પગારધોરણની સુધારણા કરતા થયેલ અધિક ચૂકવણી અથવા અન્ય સરકારી લેણું બાકી જણાય તો તે માર પેન્શન/ મૃત્યુ–સહ–ગ્રેજયુએટીમાંથી ભરપાઈ કરવા બાંહેધરી / સંમતિ આપું છું નિવૃત્તિ બાદ યુનિવર્સિટી રહેણાંક ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે તો વસૂલ કરવા પાત્ર થતું મકાનભાડુ મને મંજૂર કરવામાં આવેલ પેન્શન / કુટુંબ પેન્શન અને તે પર મળવાપાત્ર ટી.આઈ.માંથી તિજોરી કક્ષાએ વસુલાત કરવા બાંહેધરી આપું છું.

કર્મચારીની સહી

નામ :

હોદ્દો :

કચેરીના વડાની સહી

નામ :

હોદ્દો :